જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૪/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૯૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૭/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૮૨	૬	૧૧૩૮૮	૧૭૫૦૨	૬	૧૭૫૦૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૧	૪૭૦૬	૬૨૨૮	૬	૬૨૩૪
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૬	૦	૭૬	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૫૨૫૧	૪૨૦	૩૫૬૩૧	૩૬૫૨૭	૩૯૨	૩૬૯૧૯
કુલ		૫૧૪૧૫	૪૨૭	૫૧૮૪૨	૬૦૫૪૪	૪૦૪	૬૦૯૪૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૭૫	૭,૭૨,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૫૪૦	૨૫,૪૦,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ટીવીએસ અપાચે મો.સા.સાથે એક આરોપીને પકડી સરખેજ પોલીસ સ્ટેશનનો વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પોલીસ ઈન્સપેકટર શ્રી એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સુચના કરેલ હોય જે આધારે સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.કો.કાનાભાઈ સુરાભાઈ બ.નં.૧૦૦૮૭ તથા પો.કો.જીતેન્દ્રસિંહ લાખુભા બ.નં.૬૭૯૨ તથા પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં.૯૯૩૪ તથા લોકરક્ષક પ્રહલાદસિંહ શિવસંગભાઈ બ.નં.૬૩૬૧ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.વિરેન્દ્રસિંહ રૂપસિંહ તથા લોકરક્ષક પ્રહલાદસિંહ શિવસંગભાઈ નાઓને સંયુકત બાતમી હકીકત મળેલ કે એક ઇસમ કે જેણે શરીરે ગ્રીન અને બલ્યુ રંગનુ ચેકસવાળુ શર્ટ અને વાદળી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે તે ઇસમ પોતાના કબ્જામાં એક કાળા કલરનુ ટીવીએસ અપાચે મો.સા.ની ચોરી કરી કે છળકપટથી મેળવી લઈ અસલાલી સર્કલ તરફથી ચલાવી લાવી અત્રેથી નારોલ સર્કલ તરફ જવાનો છે જે બાતમી હકીકત આધારે વોચમાં રહેતાં આરોપી કાર્તિકભાઈ નિમાઈભાઈ જાતે બોસ ઉ.વ.૨૨ ધંધો.મજુરીકામ રહે.મ.નં.એ/૩૦૬ સ્વામિનારાયણ પાર્ક-૦૭ એઈમ ઈન્ટરનેશનલ સ્કુલ પાસે નારોલ અમદાવાદ શહેરનો બાતમી હકિકતમાં જણાવેલ ટીવીએસ અપાચે મો.સા.નં. જીજે.૦૮.બીઈ.૮૧૪૨ જેનો એન્જીન નં.BE4CM2018490 તથા ચેચીસ નં.MD334BE41H2C16816 નો છે. જેની કિ.રૂ.૨૫૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે મળી આવતાં સી.આર.પી.સી.કલમ ૧૦૨ મુજબ કબ્જે કરી આરોપી વિરુધ્ધ સી.આર.પી.સી.કલમ ૪૧(૧)ડી મુજબ કાર્યવાહી કરી વધુ તપાસ કરતાં સદર મો.સા.ની ચોરી બાબતે સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૪૧/૨૦૨૧ ઓનલાઈન નં.૧૧૧૯૧૦૪૮૨૧૦૪૬૮/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય જેથી આરોપીને સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ગુનાના કામે સોપવાની તજવીજ કરી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦ કેસ કરી, ૯ વ્યક્તિઓને ઝડપી, ૧૨૩ લીટર દેશી દારૂ અને ૨૭ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૨,૦૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૯૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૭૦૦/૨૦૨૧**

નરોડાઃ નીખીલ કાન્તીલાલ પંડયા (ઉ.વ.૩૩) (રહે. શાંતીવિલા ફ્લેટ નરોડા-દહેગામ રોડ નરોડા) એ તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે/ઓકટોબર-૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી નીખીલભાઇ જયેન્દ્રભાઇ વ્યાસ (રહે. મણીલાલ સોસાયટી વ્યાસવાડી) નરોડા નરોડા-દહેગામ રોડ શાંતિવિલા શોપીંગ સેન્ટર દ્વારકેશ કાર એસેસરીઝ નામની દુકાન આગળથી નીખીલ પંડ્યા પાસેથી મારૂતિ સ્વિફ્ટ કાર નંબર જીજે ૦૧ એચઝેડ ૫૪૪૬ રૂપિયા ૬,૧૫,૦૦૦/- માં વેચાણ કરવા લઈ જઈ રૂપિયા ૧,૧૩,૦૦૦/- ટુકડે-ટુકડે આપી બાકી નિકળતા રૂપિયા ૫,૦૨,૦૦૦/- નહી આપી તેમજ પ્રેમજીભાઇ પ્રેભુભાઇ કચીયા નાઓની ટેક્સી પાર્સીંગ મારૂતિ સુઝુકી કંપનીની સેલેરીયો કાર નંબર જીજે ૨૭ ટીટી ૧૬૮૩ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- ભાડે ચલાવવા લઈ જઈ આ ગાડી તથા ગાડી ભાડાના રૂપિયા ૨,૫૦,૦૦૦/- મળી રૂપિયા ૬,૫૦,૦૦૦/- નહી આપી તેમજ નીખીલ પંડ્યા પાસેથી વેચાણ અર્થે આવેલ બી.એમ.ડબલ્યુ. કાર નંબર ડીએલ ૦૨ સીએજી ૦૬૬૬ કિમત રૂપિયા ૧૨,૦૦,૦૦૦/- બીજા માણસોને ગીરવે આપી કુલ રૂપિયા ૨૩,૫૨,૦૦૦/- વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.ઠાકોર ચલાવે છે.

સાયબર ક્રાઈમઃ કંદર્પભાઇ ગંગારામભાઇ પટેલ (ઉ.વ.૨૭) (રહે. શાયોના શિખર વંદે માતરમ આઇકોન પાછળ ન્યુ એસ.જી રોડ ગોતા) એ તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે મોબાઈલ નંબર ૭૫૧૭૨૩૨૮૧૦ ના ધારકે આઈફોન-૧૧ કિમત રૂપિયા ૨૪,૦૦૦/- ફેસબુક પર વેચાણ મુકતા તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ કંદર્પભાઇ પટેલે મોબાઈલ નંબર પર સંપર્ક કરતા મોબાઈલના ધારકે ઇન્ડીયન આર્મીના કોન્સ્ટેબલની ઓળખ આપી કંદર્પભાઇ પટેલને વિશ્વાસમાં લઇ મોબાઇલ ફોનના પેમેંટ પેટે અલગ-અલગ ટ્રાન્ઝેકશન કરાવી રૂપિયા ૬૭,૩૦૦/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.આર.મુછાળ ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૭૦૧/૨૦૨૧**

વાસણાઃ વિનોદકુમાર રમણલાલ સેવક (ઉ.વ.૫૫) (રહે. જય ભક્તિનંદન એપાર્ટમેન્ટ ન્યુ પ્રાભાવિક ફ્લેટ સામે નારાયણનગર રોડ વાસણા) એ તા.૧૭/૦૪/૨૦૨૧ ના રોજ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૦૨/૨૦૨૧ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી ઘરમાંથી લેપટોપ, મોબાઇલ ફોન નંગ-૨ અને રોકડ રૂપિયા ૫૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૬,૦૦૦/- ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સલમાનખાન રઝાકખાન ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૦૨/૨૦૨૧**

શહેરકોટડાઃ (૧) રસીકભાઇ મફતજી ઠાકોર (ઉ.વ.૬૫) (રહે. ઠાકોરવાસ ઘોડાસર ગામ) બિમાર હોવાથી તા.૧૧/૦૪/૨૧ ના રોજ શારદાબેન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૧ સવારના ૬/૧૫ વાગ્યા પહેલા શારદાબેન હોસ્પિટલના પાંચમા માળથી પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

શહેરકોટડાઃ (૨) ચંદ્રેશભાઇ પિતામ્બરદાસ પટેલ (ઉ.વ.૩૬) (રહે. લાભ એપાર્ટમેન્ટ મેમ્કો નરોડા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૭/૦૪/૨૦૨૧ બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર મોહનલાલ ચલાવે છે.

નારોલઃ ઉર્વશીબહેન ડો/ઓ પ્રવિણભાઇ મકવાણા (ઉ.વ.૨૩) (રહે.આંબેડકરવાસ નાગેશ્વરી મંદિર પાછળ પાણીની ટાંકી પાસે શાહવાડી નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૧ કલાક ૧૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.કુલધારા ચલાવે છે.

રિવરફ્રંટ વેસ્ટઃ પ્રદિપ સ/ઓ દેવેન્દ્રભાઇ સરગરા (ઉ.વ.૨૩) (રહે. મહાજનનો વંડો જમાલપુર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૪/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યા પહેલા રિવરફ્રન્ટ લક્કડીયા બ્રિજ નીચે નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ભગાભાઇ ભેમાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી